Pages 8 કિંમત Rs. 2/- email : gujarati@westerntimes.co.in www.westerntimesnews.in

અમદાવાદથી પ્રસિધ્ધ થતું અંગ્રેજી અને ગુજરાતી દૈનિક

# વેસ્ટર્ન ટાઈમ્સ

સ્થાપક તંત્રી: સ્વ. રામુ પટેલ તંત્રી : નિકુંજ પટેલ WESTERN TIMES (AHMEDABAD) ગુજરાતી ડેઈલી

Postal Reg. No. G-GNR-320
Valid upto 31-12-2023
Posting at RMS Ahmedabad

મંગળવાર, તા.૨૩ મે, ૨૦૨૩
23/5/2023 * VOL : 43 * NO. 248 સંવત- ૨૦૭૯, જેઠ સુદ-૪

Owned, Printed & Published by Nikunj R. Patel on behalf of Western Times Pub. Pvt. Ltd. Printed at & Published from Western Times Pub. Pvt. Ltd. Survey No. 1315P, Opp. Ramapir Temple, Shilaj, Ahmedabad Editor : Nikunj R. Patel
RNI Regn. No. GUJ/46323/86. Reg. Office : 301, 3rd Floor, Gala Argos, B/h. Hari Krupa Tower, Ellisbridge, Ahmedabad-380 006. (Gujarat) ફોન : ૦૭૯-૨૬૪૦ ૨૮૮૦, જાહેરાત : ૦૭૯-૨૬૪૦ ૨૮૮૧

**આજનો સુવિચાર**

સફળ લોકો બીજાને મદદ કરવાની તક શોધે છે, જ્યારે અસફળ લોકો તેમાં પોતાનો ફાયદો શોધે છે

# આજથી રૂા. ૨૦૦૦ની નોટો બદલવાની કાર્યવાહી શરૂ

**નવી દિલ્હી,** આવતી કાલથી ૨૦૦૦ રૂપિયાની નોટો પાછી ખેંચવાની પ્રક્રિયા શરૂ થઈ રહી છે. દરમિયાન, બેંકોમાં બદલાવનારી નોટોની તપાસ કરવાની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. જો કોઈ વ્યક્તિ ૨૦૦૦ રૂપિયાની નોટો જમા કરાવવા માટે શાખામાં આવે છે અને તેની કેટલીક નોટો નકલી હોવાનું જણાય છે, તો આવી સ્થિતિમાં તે બેંક નોટ જપ્ત કરીને આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આરબીઆઈ દ્વારા આ નકલી નોટો પર સ્ટેમ્પ લગાવવામાં આવશે, ત્યારબાદ તે ફક્ત કાગળ બની જશે.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા કહેવામાં આવ્યું છે કે, બેંકમાં જે ૨૦૦૦ રૂપિયાની નોટો બદલાઈ રહી છે તેની બારીકાઈથી તપાસ કરવામાં આવશે. તેની સચોટતા અને વાસ્તવિકતાની ખાતરી કરવા માટે, તેને નોટ સોર્ટિંગ મશીન્સ દ્વારા નોટની તપાસ કરવામાં આવશે. ગયા એપ્રિલની શરૂઆતમાં નકલી નોટો અંગે આરબીઆઈ દ્વારા જારી કરવામાં આવેલી ગાઈડલાઈન્સને ધ્યાને રાખી આ નોટોની તપાસ કરવામાં આવશે. જો કોઈ વ્યક્તિ દ્વારા એક્સચેન્જ માટે આપવામાં આવેલી નોટોમાંથી કોઈ પણ નકલી હોવાનું જણાય છે, તો તેના પૈસા તેને આપવામાં આવશે નહીં.

નકલી નોટોના સંદર્ભમાં આરબીઆઈ દ્વારા આપવામાં આવેલી માર્ગદર્શિકા અનુસાર, મશીન દ્વારા બેંકના કાઉન્ટર પર એક્સચેન્જ કરવા માટે ગ્રાહક દ્વારા આપવામાં આવેલી રૂ. ૨૦૦૦ની નોટોના ચેકિંગ દરમિયાન, જો તેમાંથી કોઈ પણ નકલી હોવાનું જણાયું, તો તેના પર બેંક ફેક કરન્સીનો સ્ટેમ્પ મારી અને તેને જપ્ત કરી લેશે. આ સ્ટેમ્પ મળ્યા બાદ આ નોટ નકામા કાગળ જેવી બની જશે. આવ દરેક પ્રકારની નોટની નોંધ લેવા રેકોર્ડ માટે અલગ રજિસ્ટરમાં દાખલ કરવામાં આવશે. આ સમય દરમિયાન જો કોઈ બેંક આવી નોટો ગ્રાહકોને પરત કરતી જોવા મળશે તો નકલી નોટોમાં બેંકની સંડોવણી ધ્યાનમાં લેવામાં આવશે અને દંડ પણ વસૂલવામાં આવશે. જો કોઈ વ્યક્તિ દ્વારા ૨૦૦૦ રૂપિયાની દસ નોટો બદલવામાં આવી રહી હોય, તેમાંથી જો ચાર નોટ નકલી હોવાનું જણાશે તો બેંક શાખા પોલીસને જાણ કરશે. બીજી તરફ, જો આ સંખ્યા પાંચ કે તેથી વધુ હશે તો આ મામલે એફઆઈઆર નોંધવામાં આવશે અને તેમની તપાસ કરવામાં આવશે. આ સાથે, એફઆઈઆરની નકલ પણ બેંકની મુખ્ય શાખાને મોકલવામાં આવશે.



## રૂ. ૧૦૦૦ની નોટ ફરી ચલણમાં લાવવાનો કોઈ ઈરાદો નથીઃ શક્તિકાંત દાસ

નવી દિલ્હીઃ આરબીઆઈએ તાજેતરમાં જ રૂ. ૨૦૦૦ની નોટ ચલણમાંથી પરત ખેંચવાનો નિર્ણય કર્યો છે. જેના પગલે વિપક્ષે વિરોધ નોંધાવ્યો છે. દરમિયાન તા. ૩૧મી સપ્ટેમ્બર સુધી જે તે વ્યક્તિ રૂ. ૨ હજારની નોટ બેંકમાં બદલાવી શકશે. બીજી તરફ આગામી દિવસોમાં ફરીથી રૂ. ૧૦૦૦ની નોટ ફરીથી ચલણમાં લાવવાનો આરબીઆઈનો કોઈ ઈરાદો નહીં હોવાનું આરબીઆઈના ગવર્નર શક્તિકાંત દાસે જણાવ્યું હતું. તેમજ ભારતનું કરન્સી મેનેજમેન્ટ સિસ્ટમ ખુબ મજબુત હોવાનો પણ દાવો કર્યો છે.

## ૨૦૦૦ની પાંચ નકલી નોટ મળશે તો ફરિયાદ નોંધાશે

## તમામ બેંકોને જમા કરવામાં આવતી નોટોનો ડેટા જાળવી રાખવા સૂચના

**નવી દિલ્હી,** રૂપિયા ૨૦૦૦ની નોટ બંધ કરવાને લઈ આરબીઆઈના ગવર્નર શક્તિકાંત દાસે મોટું નિવેદન આપ્યું છે. ૨૦૦૦ રૂપિયાની નોટો બંધ કરવા પર આરબીઆઈ ગવર્નર શક્તિકાંત દાસે કહ્યું કે, આરબીઆઈનો ૨૦૦૦ રૂપિયાની નોટ લાવવાનો હેતુ પૂરો થઈ ગયો છે.

મુંબઈમાં આરબીઆઈ ગવર્નર શક્તિકાંત દાસે ૨૦૦૦ રૂપિયાની નોટ પાછી ખેંચવા પર કહ્યું કે, ચાર મહિનાનો સમય આપવામાં આવ્યો છે અને લોકો સરળતાથી નોટ બદલી શકે છે, તમે આરામથી નોટ બદલી શકો છો. નોટો બદલવા માટે પુષ્કળ સમય છે. જૂની નોટો બદલવા માટે લાદવામાં આવેલા પ્રતિબંધને સમસ્યા ન ગણો.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ તમામ બેંકોને દરરોજ જમા કરવામાં આવતી ૨૦૦૦ રૂપિયાની નોટોનો ડેટા જાળવી રાખવા સૂચના આપી છે. આરબીઆઈ દ્વારા ૨૨ મેના રોજ આ સંબંધિત સૂચનાઓ જારી કરવામાં આવી છે. શક્તિકાંત દાસે કહ્યું કે, ૨૦૦૦ રૂપિયાની નોટોને બંધ કરવાનો નિર્ણય ક્લીન નોટ પોલિસી હેઠળ લેવામાં આવ્યો છે.

## સંક્ષિપ્ત સમાચાર

### સેન્સેક્સમાં ૨૩૪, નિફ્ટીમાં ૧૧૧ પોઈન્ટનો ઊછાળો

**(એજન્સી)મુંબઈ,** વૈશ્વિક બજારના મિશ્ર સંકેતો વચ્ચે સોમવારે ભારતીય સ્થાનિક શેરબજાર તેજી સાથે બંધ થયું હતું. જ્યારે સેન્સેક્સ ૨૩૪ પોઈન્ટ વધીને બંધ થયો હતો, જ્યારે નિફ્ટી ૧૮,૩૦૦ની ઉપર બંધ થયો હતો. તે જ સમયે, અદાણી એન્ટરપ્રાઈઝ, મુથૂટ ફાઈનાન્સ, ટેક મહિન્દ્રા અને વિપ્રોના શેરમાં મજબૂતી નોંધાઈ હતી. જ્યારે, કોચીન શિપયાર્ડ, સિમેન્સ લિમિટેડ અને નેસ્લે ઈન્ડિયાના શેરમાં ઘટાડો થયો હતો.

### જી૭માં ચીનના મુદ્દા પર વિરોધ સંદર્ભે ચીને જાપાનના રાજદૂતને બોલાવ્યા

**(એજન્સી)બેઈજિંગ,** ચીને જી-૭ સમિટમાં ચીન સાથે સંબંધિત મુદ્દાઓ પર કાર્યવાહી માટે જાપાનના રાજદૂતને સમન્સ પાઠવ્યું છે. વિદેશ મંત્રાલયના એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ચીનના નાયબ વિદેશ મંત્રી સુન વેઈડોંગે ગ્રૂપ ઓફ સેવન સમિટમાં ચીન સંબંધિત મુદ્દાઓ પર વિરોધ નોંધાવવા માટે જાપાનના રાજદૂતને બોલાવવામાં આવ્યા છે. ચીનના નાયબ વિદેશ મંત્રીએ કહ્યું કે જાપાને જી-૭ સમિટમાં ચીનને બદનામ કરવા અને હુમલો કરવા માટે પ્રવૃત્તિઓ અને સંયુક્ત ઘોષણાઓમાં અન્ય દેશો સાથે સહયોગ કર્યો હતો. ચીનની આંતરિક બાબતોમાં સંપૂર્ણ દખલગીરી કરી હતી. તેમણે ચીન-જાપાનીના ૧૯૭૨ના સંયુક્ત નિવેદનનો ઉલ્લેખ કરતા કહ્યું કે જાપાને આંતરરાષ્ટ્રીય કાયદાના મૂળભૂત સિદ્ધાંતો અને ચીન અને જાપાન વચ્ચેના ચાર રાજકીય દસ્તાવેજોની ભાવનાનું ઉલ્લંઘન કર્યું છે.

### પાક. દ્વારા કાશ્મીરમાં ૧૦૦થી વધુ નકલી હેશટેગ એક્ટિવ કરાયા

**(એજન્સી)જમ્મુ,** જમ્મુ-કાશ્મીરમાં આજથી જી૨-૨૦ ટૂરિઝમ વર્કિંગ ગ્રૂપની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ રહી છે. જમ્મુ અને કાશ્મીરમાંથી અનુચ્છેદ ૩૭૦ હટાવ્યા પછી, આ પહેલો મોટો આંતરરાષ્ટ્રીય કાર્યક્રમ છે, જેમાં જી-૨૦ દેશોના ૬૦ થી વધુ પ્રતિનિધિઓ ભાગ લઈ રહ્યા છે. આ પહેલા એક મોટા સમાચાર મળી રહ્યા છે. ગુપ્તચર એજન્સીઓ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, જી-૨૦ મીટિંગની શરૂઆત પહેલા પાકિસ્તાન દ્વારા કાશ્મીરમાં ૧૦૦ થી વધુ નકલી હેશટેગ એક્ટીવ કરવામાં આવ્યા છે, જેનું કામ જી૨૦ વિરોધી પ્રચાર કરવાનું છે.

# કાશ્મીરમાં જી-૨૦ બેઠકનો પ્રારંભઃ મહેમાનો ગુલમર્ગ નહીં જાય

**શ્રીનગર,** કાશ્મીરના શ્રીનગરમાં આજથી ૭-૨૦ ટુરિઝમ વર્કિંગ ગ્રુપની બેઠક શરૂ થઈ છે. ચીન, ચીન, સાઉદી અરેબિયા, તુર્કી, ઈન્ડોનેશિયા અને ઈજીપ્ત સહિત ૫ દેશો આ બેઠકમાં ભાગ લઈ રહ્યા નથી. તો, સમિટ માટે શ્રીનગર પહોંચેલા અન્ય વિદેશી પ્રતિનિધિઓનું એરપોર્ટ પર પરંપરાગત પોશાકમાં કાશ્મીરી યુવતીઓએ સ્વાગત કર્યું હતું.

આ દરમિયાન, મીટિંગમાં પહોંચેલા અભિનેતા રામ ચરણ તેજાએ કહ્યું હતું કે 'કાશ્મીરમાં કંઈક જાદુ છે. હું ૧૯૮૬થી ઘણી વખત અહીં આવ્યો છું. મારા પિતા ફિલ્મોના શૂટિંગ માટે ગુલમર્ગ અને સોનમર્ગ આવતા હતા. હું પોતે ૨૦૧૬માં અહીં શૂટિંગ માટે આવ્યો હતો.' આ પછી, તેમણે તેમની ફિલ્મ આરઆરઆરના પ્રખ્યાત ગીત 'નાતુ-નાટુ' પર પ્રતિનિધિઓ સાથે ડાન્સ કર્યો હતો.

અગાઉ, જી-૨૦ ઈન્ડિયન પ્રેસિડન્સીના મુખ્ય સંયોજક, હર્ષવર્ધન શ્રિંગલાએ કહ્યું હતું કે આ બેઠકમાં ભાગ લેનારા પ્રતિનિધિઓ અહીં આવી શકશે અને જોઈ શકશે કે પૃથ્વી પરનું સ્વર્ગ કેવું છે. પ્રવાસન કાર્યકારી જૂથની આ બેઠક ૨૨થી ૨૪ મે દરમિયાન યોજાશે. એક અહેવાલ મુજબ કાશ્મીરના યુવાનોને વિશ્વાસ છે કે આ બેઠક બાદ કાશ્મીરમાં વિદેશી પ્રવાસીઓની સંખ્યામાં ઝડપથી વધારો થશે. સોમવારથી શ્રીનગરમાં જી-૨૦ ટૂરિઝમ વર્કિંગ ગ્રુપની બેઠક શરૂ થઈ ગઈ છે. એ પહેલાં એનઆઈએએ રવિવારે આતંકી સંગઠન જૈશ-એ-મોહમ્મદના ઓવરગ્રાઉન્ડ વર્કર મોહમ્મદની ઉબેદ મલિકની ધરપકડ કરી છે. આ પછી વિદેશી મહેમાનોને ગુલમર્ગ લઈ જવાનો કાર્યક્રમ રદ કરવામાં આવ્યો છે. એનઆઈએ અનુસાર, ઉબેદ કુપવાડાનો રહેવાસી છે. તે પાકિસ્તાનમાં બેઠેલા જૈશ કમાન્ડરના સતત સંપર્કમાં હતો. તે જૈશ કમાન્ડરને ગુપ્ત માહિતી આપતો હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. માહિતી ઉપરાંત તે સુરક્ષા દળોની હિલચાલની માહિતી પણ મોકલી રહ્યો હતો. ન્યૂઝ એજન્સીના રિપોર્ટ અનુસાર, પાકિસ્તાન આ મિટિંગને ખલેલ પહોંચાડવા માટે અનેક ષડ્યંત્ર રચી રહ્યું છે. આમ છતાં સુરક્ષા એલર્ટ પર છે. સ્થાનિક વહીવટીતંત્રને વિશ્વાસ છે કે આ બેઠક દ્વારા સ્થાનિક અર્થતંત્રને પાવર બૂસ્ટર ડોઝ મળશે. જમ્મુ અને કાશ્મીરના હેન્ડલૂમ ઉદ્યોગ, પશ્મિના શાલ અને ડ્રાયફ્રૂટના વ્યવસાયને નવો આયામ મળશે. ટૂરિઝમ સેક્ટર આનાથી વધુ છે . આ જ કારણ છે કે આ બેઠકને સફળ બનાવવા માટે કેન્દ્ર સરકાર અને સ્થાનિક પ્રશાસને દિવસ-રાત અથાક મહેનત કરી હતી. અહીં આવનારા મહેમાનોને એ પણ બતાવવામાં આવશે કે ખીણમાં શાંતિ સ્થાપિત થઈ ગઈ છે અને હવે એ વિશ્વના દરેક ભાગમાંથી આવતા પ્રવાસીઓ માટે સંપૂર્ણપણે સુરક્ષિત છે.



## વિદેશી પ્રતિનિધિઓનું એરપોર્ટ પર સ્વાગત

## વિનેશ-બજરંગના ટેસ્ટ થાય તો હું નાર્કો-પોલી ટેસ્ટ માટે તૈયારઃ બ્રિજભૂષણ

**(એજન્સી)નવી દિલ્હી,** દિલ્હીના જંતર-મંતર પર કુસ્તીબાજોની હડતાળ વચ્ચે ડબલ્યુએફઆઈચીફ બ્રિજ ભૂષણ શરણ સિંહનું મોટું નિવેદન સામે આવ્યું છે. એક ફેસબુક પોસ્ટ દ્વારા બ્રિજભૂષણ શરણ સિંહે કહ્યું છે કે હું મારો નાર્કો ટેસ્ટ, પોલીગ્રાફી ટેસ્ટ અથવા લાઈ ડિટેક્ટર કરાવવા માટે તૈયાર છું.

યુપીના કૈસરગંજના બીજેપી સાંસદે પોતાની પોસ્ટમાં કહ્યું- હું મારો નાર્કો ટેસ્ટ, પોલીગ્રાફી ટેસ્ટ અથવા લાઈ ડિટેક્ટર ટેસ્ટ કરાવવા માટે તૈયાર છું, પરંતુ મારી શરત એ છે કે મારી સાથે વિનેશ ફોગાટ અને બજરંગ પુનિયાએ પણ આ ટેસ્ટ કરાવવો જોઈએ.

તેમણે કહ્યું હતું કે, જો બંને કુસ્તીબાજો પોતાનો ટેસ્ટ કરાવવા માટે તૈયાર હોય તો પ્રેસને બોલાવીને તેની જાહેરાત કરો અને હું તેમને વચન આપું છું કે હું પણ તેના માટે તૈયાર છું. આજે પણ હું મારા વચન પર અડગ છું અને દેશવાસીઓને કાયમ અડગ રહેવાનું વચન આપું છું. તેમણે તેમની પોસ્ટમાં રામચરિત માનસમાંથી એક પંક્તિ લખી છે. 'રઘુકુલ રીત સદા ચલી આઈ પ્રાણ જાય પર વચન ન જાઈ' દિલ્હીના જંતર-મંતર પર પ્રદર્શન કરી રહેલા કુસ્તીબાજોએ બ્રિજભૂષણ શરણ સિંહ પર યૌન શોષણના ગંભીર આરોપ લગાવ્યા છે.

## ઈમ્ફાલમાં ફરી હિંસા, સેના બોલાવાઈ, કર્ફ્યુ લદાયો

**(એજન્સી)ઈમ્ફાલ,** દેશના પૂર્વોત્તર રાજ્ય મણિપુરની રાજધાની ઈમ્ફાલમાં ફરી હિંસા ભડકી ઉઠી છે. પરિસ્થિતિને જોતા શહેરમાં ફરી કર્ફ્યુ લાદવામાં આવ્યો છે અને સેનાને પરત બોલાવવામાં આવી છે. હિંસાગ્રસ્ત શહેરમાં ઘણા દિવસો સુધી શાંત માહોલ બાદ આજે બપોરે ફરીથી બે સમુદાયો વચ્ચે અથડામણ થઈ હતી.

સૂત્રો દ્વારા એવું કહેવામાં આવ્યું છે કે, રાજ્યની રાજધાની ઈમ્ફાલના ન્યૂ ચાકોન વિસ્તારમાં મેઈતેઈ અને કુકી સમુદાયો વચ્ચે આજે બપોરે ઝઘડો થયો હતો. સ્થાનિક બજારમાં એક જગ્યાને લઈને બે સમુદાયો વચ્ચે અથડામણ શરૂ થઈ હતી, જેણે થોડી જ વારમાં ભયંકર વળાંક લીધો હતો. વિસ્તારમાં આગચંપી શરૂ થઈ ગઈ. આવા અહેવાલો મળ્યા બાદ પ્રશાસને રાજધાનીમાં કર્ફ્યુ જાહેર કરી દીધો છે. મણિપુર ઘણા મુદ્દાઓને કારણે એક મહિનાથી વધુ સમયથી સંઘર્ષનો સામનો કરી રહ્યું છે. આ મહિનાની શરૂઆતમાં, આદિવાસીઓએ અનુસૂચિત જનજાતિના દરજ્જાની તેમની માંગનો વિરોધ કરવા માટે ૩ મેના રોજ એકતા કૂચ કર્યા પછી પહાડી રાજ્યમાં અથડામણો ફાટી નીકળી હતી. એક અઠવાડિયાથી વધુ સમય સુધી ચાલેલી હિંસામાં ૭૦થી વધુ લોકોના મોત થયા હતા.

## હવે મતદાન બાદ એ. આઈ પર આધારિત લેઝર ચિહ્નનો ઉપયોગ થશે

**(એજન્સી)નવી દિલ્હી,** બોગસ મતદાન રોકવા માટે ચૂંટણી પંચ દ્વારા એક નવો પ્રયોગ કરવામાં આવનાર છે. મતદાન બાદ આંગળી પર ઈંકની જગ્યાએ લેઝર ચિન્હનો ઉપયોગ કરવામાં આવશે. આ ટેકનીક આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એટલે કે એ.આઈ. પર આધારિત હશે. સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ આ વર્ષે યોજાનાર પાંચ રાજ્યની વિધાનસભા ચૂંટણીમાં પણ આ નવી પ્રણાલી લાગુ કરવામાં આવી શકે છે. લેઝરથી બનાવવામાં આવેલ ચિન્હ લાંબા સમય સુધી રહે છે. તેને મટાવવું લગભગ અશક્ય છે એવો દાવો કરવામાં આવી રહ્યો છે. એટલું જ નહીં પણ ઈવીએમમાં કેમેરા પણ બેસાડવામાં આવશે જે મતદારનો ફોટો પાડશે એવી સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ નવી પદ્ધત્તિના ઉપયોગને કારણે ઈંકનો ઉપયોગ કાયમ માટે બંધ થઈ શકે છે. અત્રે ઉલ્લેખનીય છે કે મતદાન વખતે તે ઈંકનો ઉપયોગ કરવામાં આવે છે તે ખૂબ મોંઘી હોય છે. આ ઈંકમાં ચાંદીવાળું સિલ્વર નાયટ્રેટ નામનું રસાયણ વાપરવામાં આવે છે. ચાંદીનો ઉપયોગ થતો હોવાથી આ ઈંક ખૂબ જ મોંઘી પડે છે. ૨૦૦૯માં ૨૦ લાખ ઈંક બોટલ વપરાઈ હતી જ્યારે ૨૦૧૪માં ૨૧.૫ લાખ ઈંક બોટલ અને ૨૦૧૯માં ૨૬ લાખ ઈંક બોટલ વપરાઈ હતી. ત્યારે આ નવી ટેક્નીકને કારણે ચૂંટણી પંચ પર આવનાર આ મોટો ખર્ચ ઓછો થઈ જશે તેવી શક્યતાઓ વર્તાઈ રહી છે. લેઝર સ્પોટના ઉપયોગને કારણે બોગસ મતદાન રોકી શકાશે તેવો દાવો કરવામાં આવી રહ્યો છે. લેઝર સ્પોટ કર્યા બાદ જો એ વ્યક્તિ ફરી મતદાન માટે આવે તો તે પકડાઈ જશે. બીજી તરફ ઈવીએમમાં બેસાડવામાં આવનાર કેમેરા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની ટેકનીકને કારણે ફરી મતદાન કરવા આવેલ વ્યક્તીને ઓળખી કાઢી ચૂંટણી અધિકારીને તે અંગેનું એલર્ટ મોકલશે.

**બોગસ મતદાન રોકવા ચૂંટણી પંચ દ્વારા નવો પ્રયોગ**

# વડાપ્રધાન મોદીનું ઓસ્ટ્રેલિયામાં ભવ્ય સ્વાગત

**(એજન્સી)સિડની,** વડાપ્રધાન નરેન્દ્ર મોદી હાલમાં ઓસ્ટ્રેલિયાના સિડનીમાં પહોંચ્યા છે. ઓસ્ટ્રેલિયાના પીએમ એન્થોની અલ્બનીઝે કહ્યું છે કે તેઓ ઓસ્ટ્રેલિયાના ભારતીય સમુદાય સાથે સિડનીમાં પીએમ મોદી સાથે ઉજવણી કરવા ઉત્સુક છે. તેમણે કહ્યું કે પીએમ મોદીની મેજબાની કરીને હું સન્માનિત છું.

સિડનીમાં પીએમ મોદી ઓસ્ટ્રેલિયાના પીએમ સાથે ભારતીયોને સંબોધિત કરશે. આ કાર્યક્રમ દરમિયાન પીએમ મોદી સિડનીમાં હેરિસ પાર્કનું નામ 'લિટલ ઈન્ડિયા' રાખશે. હેરિસ પાર્ક સિડનીનો વિસ્તાર છે જ્યાં મોટી સંખ્યામાં ભારતીય નાગરિકો રહે છે. જો કે સમગ્ર ઓસ્ટ્રેલિયામાં ભારતીય નાગરિકોની સંખ્યા ઘણી વધારે છે, પરંતુ હેરિસ પાર્કમાં તેમની સંખ્યા ઘણી વધારે છે.

જાપાનના હિરોશિમામાં જી-૭ સમિટ દરમિયાન ઓસ્ટ્રેલિયાના પીએમએ પણ પીએમ મોદીના વખાણ કર્યા હતા. તેમણે કહ્યું હતું કે સિડનીમાં ભારતીય સમુદાય માટે એક કાર્યક્રમમાં હાજરી આપવા માટે તેને ઘણી બધી વિનંતીઓ આવી રહી છે જેને સ્વીકારવામાં તેને મુશ્કેલી પડી રહી છે. સિડનીમાં જ્યાં પીએમ મોદીનો કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો છે તે હોલમાં લગભગ ૨૦,૦૦૦ લોકોની ક્ષમતા છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે પાપુઆ ન્યુ ગિનીમાં ઈન્ડિયા-પેસિફિક આઈલેન્ડ કોઓપરેશન સમિટમાં હાજરી આપી હતી. સમિટમાં પોતાની વાત રાખતા પીએમ મોદીએ કહ્યું કે ભારત માટે સમગ્ર વિશ્વ એક પરિવાર સમાન છે. એક પરિવાર, એક ભવિષ્ય એ આપણો મુખ્ય મંત્ર છે. આપણા માટે આખી દુનિયા એક પરિવાર સમાન છે. ભાઈ ભારતે કોરોનાના સમયમાં ઘણા દેશોને મદદ કરી.



## સિડનીમાં મોદી ઓસ્ટ્રેલિયાના પીએમ સાથે ભારતીયોને સંબોધિત કરશેઃ મોદી સિડનીમાં હેરિસ પાર્કનું નામ 'લિટલ ઈન્ડિયા' રાખશે

## નરેન્દ્ર મોદીને પાપુઆ ન્યુ ગિની અને ફિજીએ સર્વોચ્ચ સન્માનથી નવાજ્યા

**(એજન્સી)નવી દિલ્હી,** પીએમ મોદીએ વિશ્વભરમાં ભારતનો ડંકો વગાડ્યો છે ત્યારે ઘણા દેશોએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પોતાના દેશના સર્વોચ્ચ સન્માનથી સન્માનિત કરી રહ્યા છે. પીએમ મોદી જાપાના સહિતના દેશોના પ્રવાસે છે ત્યારે પાપુઆ ન્યુ ગિની અને ફિજી બંનેએ પીએમ મોદીને તેમના દેશના સર્વોચ્ચ સન્માનથી નવાજ્યા છે. ફિજીએ પીએમ મોદીને 'કમ્પેનિયન ઓફ ધ ઓર્ડર ઓફ ફિજી'થી સન્માનિત કર્યા. યજમાન દેશ પાપુઆ ન્યુ ગિનીએ પીએમ મોદીને સર્વોચ્ચ સન્માન 'ધ ગ્રાન્ડ કમ્પેનિયન ઓફ ધ ઓર્ડર ઓફ લોગોહુ'થી નવાજ્યા છે. પીએમ મોદી જાપાનથી સીધા પાપુઆ ન્યુ ગિની પહોંચ્યા છે. અહીં તેમણે ત્રીજા ઈન્ડો-પેસિફિક આઈલેન્ડ કોઓપરેશન શિખર સમ્મેલનમાં હાજરી આપી હતી. પાપુઆ ન્યુ ગિનીના પ્રધાનમંત્રી જેમ્સ મરાપે સાથે કોન્ફરન્સની સહ-અધ્યક્ષતા કરતાં પીએમ નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, તેઓ એક વિશ્વસનીય ભાગીદારના રૂપમાં ભારતને જોઈ શકે છે.

H.K.TRAVELS
New Launched Luxury
ડેઈલી સર્વિસ
અમદાવાદથી જબલપુર વાયા ઇન્દોર, ભોપાલ રાત્રે ૮ વાગ્યે
અમદાવાદથી નાગપુર વાયા ઈન્દોર, બૈતૂલ બપોરે ૧.૩૦ વાગ્યે
પાર્સલ સર્વિસ ઉપલબ્ધ
અરજન્ટ ડીલેવરી
online booking www.hktravel.in
H.O.: શેફાલી શોપીંગ સેન્ટર, પાલડી
ફોન બુકીંગ ઓફીસ
9979881489
9429893289

સુખી લગ્ન-જીવન માટે
સ્ત્રી-પુરુષોના લગ્ન-જીવનને લગતા કોઈપણ જાતના ગુપ્તરોગ (સેક્સ સમસ્યાઓ) માટેનું ભારતભરમાં પોતાની ઢબનું એકમાત્ર ગવર્નમેન્ટ રજીસ્ટર્ડ સાયંટીફિક સેક્સ ક્લીનીક
સ્વરૂપ સેક્સ ક્યૉર
"નોબલ્સ" નહેરુબ્રીજ સામે, આશ્રમરોડ, અમદાવાદ- ૩૮૦ ૦૦૯
www.swaroopsexcure.com
ફોન : ૨૬૫૮ ૬૦૦૦, ૨૬૫૮ ૭૦૦૦, ૨૬૫૮ ૮૦૦૦, ૪૮૦૦ ૦૦૦૯
સમય : સવારે ૧૧ થી ૨, સાંજે ૪.૩૦ થી ૭, રવિવારે રજા
૫૯મું વર્ષ

સેલ ઢાલગરવાડના પ્રખ્યાત માસ્ટર હેન્ડલુમ લાવ્યા છે. સેલ
ભવ્ય સેલ
પડદાનું કાપડ સાથે સિલાઈ ફ્રી | તદ્દન નવા સ્ટોક સાથે
પડદાનું કાપડ રૂા.૨૫૦/- મીટર (સાથે સિલાઈ ફ્રી) | પડદાનું કાપડ રૂા.૩૫૦/- મીટર (સાથે સિલાઈ ફ્રી) | સોફાદરી તદ્દન નજીવા ભાવે | સોફાનું કાપડ મળશે
પ્રખ્યાત મીલોની ચાદરો ઉપર 10% થી 50% સુધી ડિસ્કાઉન્ટ
• PORTICO • D DECOR • HOME DECOR • FLORIDA • GM MILL • FOREVER • TRIDENT
9x9 સાઈઝની ચાદરો વ્યાજબી ભાવે મળશે
King Size ફીટેડ ચાદરો મળશે
U-Foam ના ગાદલા વ્યાજબી ભાવે બનાવી આપવામાં આવશે.
Roman Curtains Roller Blinds બનાવનાર
SALE ઢાલગરવાડવાળા SALE
માસ્ટર હેન્ડલુમ હાઉસ
૧૧/૩૨, મહારાણા પ્રતાપ કોમ્પ્લેક્ષ, એલિસબ્રિજ, પોસ્ટ ઓફિસ સામે, વી. એસ. હોસ્પિટલની પાછળ, અમદાવાદ.
PH: 079 - 26580043 / MO 9173005787
રવિવારે સેલ ચાલુ રહેશે સમય સવારે ૧૧ થી રાત્રે ૯ બધાજ ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય

# ગુજરાતના યુવાનોને કટ્ટરપંથી બનાવવાના ષડયંત્રનો પર્દાફાશ

**(એજન્સી)અમદાવાદ,**
ગુજરાત એટીએસએ રથયાત્રા પહેલાં જ બોગસ આઈડી પ્રુફથી અમદાવાદમાં રહીને આતંકી સંગઠન અલકાયદાનો પ્રચાર પ્રસાર કરતાં ચાર બાંગ્લાદેશીઓને ઝડપી પાડ્યા છે. તે ઉપરાંત અન્ય કેટલાક આરોપીઓ એટીએસની કસ્ટડીમાં હોવાની વિગતો પણ સામે આવી છે. બાંગ્લાદેશમાં બેઠેલા માસ્ટરમાઈન્ડના આદેશથી ગુજરાતના યુવાનોને કટ્ટરપંથી બનાવવાનું ષડયંત્ર ચાલતું હતું. તે ઉપરાંત આતંકવાદ માટે વિદેશમાંથી ભંડોળ એકત્ર કરવાના પણ કેટલાક પુરાવા એટીએસના હાથે લાગ્યા હોવાની માહિતી મળી છે. રથયાત્રા પહેલાં જ આ ગેંગ કોઈ મોટી ઘટનાને અંજામ આપે તે પહેલાં જ એટીએસએ આ ષડયંત્રનો પર્દાફાશ કર્યો છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગુજરાત એટીએસને ગુપ્ત માહિતી મળી હતી કે, સોજીબમીયાં, આકાશખાન, મુન્નાખાન અને અબ્દુલ લતિફ નામના બાંગ્લાદેશી માણસો ગેરકાયદેસર રીતે ભારતમાં ઘૂસણખોરી કરી બોગસ આઈડી પ્રુફ બનાવી હાલમાં અમદાવાદના ઓઢવ અને નારોલ વિસ્તારમાં રહે છે. આ ચારેય ઈસમો પ્રતિબંધિત આતંકવાદી સંગઠન અલકાયદા સાથે જોડાયેલા છે. તેઓ મુસ્લિમ યુવાનોને અલકાયદામાં જોડાવા પ્રેરિત કરે છે. તેમજ અલકાયદા તન્ઝીમને ફેલાવો કરવા માટે ફંડ ઉઘરાવી તેના આગેવાનોને પહોંચાડે છે. આ ઈનપુટના આધારે ગુજરાત એટીએસ દ્વારા પ્રાથમિક તપાસ હાથ ધરવામાં આવી હતી અને મોહમ્મદ સોજીબમીયાં અહેમદઅલીની પુછપરછ કરવામાં આવી હતી.

એટીએસ દ્વારા કરાયેલી પુછપરછમાં સોજીબમીયાંએ કહ્યું હતું


(તસવીર :જયેશમોદી)

કે, તે બાંગ્લાદેશના મ્યેમનસિંહ જિલ્લાના ખુદરો ગામનો રહેવાસી છે. તેના ઘણા સંપર્કો દ્વારા અલકાયદાની વિચારધારાથી પ્રેરિત થયેલ અને ત્યાર બાદ તે અલકાયદાનો સભ્ય બન્યો હતો. સોજીબમીયાં તેના બાંગ્લાદેશી હેન્ડલર શરીફુલ ઈસ્લામ સાથે સંપર્કમાં હતો. જેણે સોજીબને અલકાયદામાં જોડાવા માટે પ્રેરણા આપી હતી. શરીફુલ ઈસ્લામ દ્વારા સોજીબમીયાંનો પરિચય અલકાયદાના બાંગ્લાદેશના મ્યેમનસિંહ જિલ્લાના પ્રમુખ શાયબા નામના ઈસમ

## અમદાવાદમાં અલકાયદાનો પ્રચાર કરતા ચાર બાંગ્લાદેશી ઝડપાયા

સાથે કરાવી હતી. શાયબા દ્વારા મોહમ્મદ સોજીબમીયા વગેરેને અન્ય યુવાનોને કટ્ટરપંથી બનાવવા, અલકાયદામાં જોડાવા અને સંગઠન માટે ભંડોળ એકત્ર કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું.

સોજીબમીયાએ તેના સાગરીતો મુન્ના ખાલીદ અન્સારી અને અઝારૂલ ઈસ્લામ કફિલુદ્દિન અન્સારી પણ અલકાયદા સાથે જોડાયેલ છે તથા ભારતમાં પ્રવેશ કરીને ખોટા દસ્તાવેજોના આધારે ભારતમાં વસવાટ કરી રહ્યા છે. તે ઉપરાંત તેઓ અલકાયદા માટે ફંડ એકત્રિત કરવાનું તથા અલકાયદાની વિચારધારા ફેલાવવાનું કામ કરી રહ્યાં છે. આ તમામ ઈસમો ગુજરાતમાં ઘણા વ્યક્તિઓના પરિચયમાં આવ્યાં છે. તેમણે અનેક લોકો પાસેથી નાણાં એકત્ર કરેલ છે. એટીએસની ટીમ દ્વારા તપાસ કરવામાં આવતાં સર્વે દરમિયાન બોગસ આધારકાર્ડ તથા પાનકાર્ડ મળી આવેલ છે.

આ ઉપરાંત પ્રતિબંધિત આતંકવાદી સંગઠન અલકાયદાની મીડિયા વિંગ દ્વારા પ્રકાશિત કટ્ટરવાદી સાહિત્ય પણ મળી આવ્યું છે. આ બાબતમાં ગુજરાત એટીએસ ખાતે આ ચારેય વિરુદ્ધ યુએપીએ અંતર્ગત ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

# ૨૪ મે બાદ તાપમાનમાં ૧ થી ૨ ડિગ્રી ઘટાડો નોંધાશે

**(એજન્સી)અમદાવાદ,**
રાજ્યમાં ગરમી પોતાના તેવર દેખાડી રહી છે. બીજી બાજુ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે હવામાં ભેજનું પ્રમાણ પણ વધી રહ્યુ છે. જેના કારણે લોકોને ગરમી સાથે બફારાનો ડબલ માર સહન કરવો પડી રહ્યો છે. આ ગરમી અને બફારા વચ્ચે હવામાન વિભાગે વધુ એક આગાહી કરી છે. જેમાં તેમણે જણાવ્યુ છે કે, હાલ પાંચ દિવસ રાજ્યનું હવામાન સૂકું રહેશે. અમદાવાદ અને ગાંધીનગરમાં તાપમાનનો પારો ૪૧ ડિગ્રીથી વધવાનો છે. જ્યારે હાલ કમોસમી વરસાદની કોઈ સંભાવના નથી. અમદાવાદના હવામાન કેન્દ્રના વૈજ્ઞાનિક અભિમન્યુ ચૈહાણના જણાવ્યા પ્રમાણે, આગામી ૫ દિવસ રાજ્યનું હવામાન સૂકું રહેવાની સંભાવના છે. જ્યારે તાપમાનની વાત કરીએ તો તેમાં મોટા ફેરફાર થવાની સંભાવનાઓ નથી. અમદાવાદમાં આકરી ગરમી પડવાની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગ દ્વારા અમદાવાદ માટે યલો એલર્ટ આપવામાં આવ્યું છે. તેમણે એમ પણ જણાવ્યુ કે, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે ભેજનું પ્રમાણ વધવા લાગશે તેમ તાપમાનમાં સામાન્ય ઘટાડો થવાની સંભાવના છે. આ સિવાય ગાંધીનગર, રાજકોટ, અમરેલી, કંડલા, ભૂજ, વલ્લભ વિદ્યાનગરમાં આગામી પાંચ દિવસ દરમિયાન ભેજનું પ્રમાણ રહેશે.

# માનવ તસ્કરી રેકેટનો પર્દાફાશ

**(એજન્સી)અમદાવાદ,**
ગુજરાત રાજ્યમાંથી સગીર છોકરીઓના અપહરણ અને વેચાણ સાથે સંકળાયેલા કેસ સતત વધી રહ્યા છે. માનવ તસ્કરી રેકેટની તપાસમાં એક ચોંકાવનારો કિસ્સો બહાર આવ્યો છે. જેમાં ૧૩ વર્ષની છોકરીને છેલ્લા ૮ વર્ષ દરમિયાન લગભગ ૧૫ લોકોને વેચવામાં આવી હતી. આ દરમિયાન ૧૫ લોકો સાથે તેના લગ્ન કરાવાયા હતા અને તેની સાથે જેમના લગ્ન કર્યા એમની ઉંમર અંદાજે ૩૦થી ૪૫ વર્ષ વચ્ચેની હતી. આ તસ્કરી રેકેટની તપાસમાં સામે આવ્યું કે આ છોકરીને ૨ લાખથી ૨.૫ લાખ રૂપિયામાં વેચવામાં આવી હતી. એવો પણ અંદાજો લગાવાઈ રહ્યો છે કે આવી એક નહીં ૮થી વધુ છોકરીઓ આ રેકેટમાં ફસાઈ ચૂકી છે. પોલીસે તપાસ દરમિયાન જણાવ્યું કે માનવ તસ્કરી રેકેટમાં ૧૩ વર્ષની છોકરી (નિશા- નામ બદલ્યું છે) ૮ વર્ષમા ગુજરાતમાં જ ૧૫ પુરુષોને પત્ની તરીકે વેચી દેવામાં આવી હતી. એટલું જ નહીં આ રેકેટમાં મહારાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાનથી શખસો સંડોવાયેલા હોવાની માહિતી મળી રહી છે. જેમાંથી અશોક પટેલ એનો માસ્ટર માઈન્ડ હતો, તેણે એ ૧૩ વર્ષીય છોકરીની મદદથી ગુજરાત રાજ્યમાંથી ૧૫થી વધુ છોકરીઓનું અપહરણ કર્યું હતું. ત્યારપછી તેમને વેચી દીધી હતી. અમદાવાદના કણભા ગામથી ૧૧ મેના દિવસે પોલીસે એક ગુમ થયેલી કિશોરીને શોધી કાઢી હતી. આ દરમિયાન તેણે પોલીસને સમગ્ર ઘટનાક્રમ જણાવ્યો હતો. તેવામાં ૧૩ વર્ષીય નિશાની માહિતી પણ મળી હતી. હવે પોલીસ આ રેકેટની પહેલી પીડિતા નિશાની તપાસ કરી રહી છે.

# અમદાવાદમાં ૧૪૬મી રથયાત્રાની તૈયારીઓ પૂરજોશમાં

**(એજન્સી)અમદાવાદ,**
૧૪૬મી રથયાત્રાની અમદાવદામાં તડામાર તૈયારી કરવામાં આવી રહી છે. ખલાસી બંધુઓ દ્વારા રથનું રિહર્સલ કરવામાં આવશે. ખાસ તો નવા રથનાં સ્ટેરીંગની ચકાસણી કરવામાં આવશે. રથયાત્રામાં રૂટ પર આવતી ગલીઓમાં રથ વળશે કે કેમ તેની ચકાસણી કરવામાં આવશે. અને જો કોઈ જો કોઈ ક્ષતિ હોય તો રથયાત્રા પહેલા તેમાં સુધારો કરવામાં આવશે. અષાઢી બીજના દિવસે જગન્નાથપુરીની સાથે અમદાવાદમાં પણ રથયાત્રા નીકળે છે. આ વખતે ૧૪૬મી રથયાત્રા નીકળશે. અમદાવાદની રથયાત્રાનું મુખ્ય


(તસવીર :જયેશમોદી)

આકર્ષણ ભગવાનના રથ હોય છે. જોકે દર વર્ષે પુરીમાં ભગવાનના રથનું નિર્માણ થતું હોય છે. પરંતુ ૭૨ વર્ષ બાદ અમદાવાદના રથનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. અમદાવાદ શહેરમાં રથયાત્રાની શરૂઆત ૧૮૭૮માં થઈ હતી. મહંત નરસિંહદાસજી મહારાજે અમદાવાદમાં રથયાત્રાની શરૂઆત કરાવી હતી. આમ વર્ષો બાદ આજે પણ ભવ્ય રીતે રથયાત્રા નીકળે છે અને ભગવાન નગર ચર્યાએ નીકળીને નગરજનોને દર્શન આપે છે. ૨૦૨૩ માં ૧૪૬મી રથયાત્રા નીકળશે. આ માટે હાલ ભગવાન જગન્નાથજી, ભાઈ બલબદ્ર અને બહેન સુભદ્રાજી માટે ત્રણેય નવા રથનું નિર્માણ થઈ રહ્યું છે. પરંપરા જળવાઈ રહે તે પ્રમાણે રથનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. મંદિરની પરંપરા પ્રમાણે નવા રથની સાઈઝ છે. રથ નિર્માણ માટે સાગ અને સીસમના લાકડાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ લાકડું વઘઈથી મંગાવવામાં આવ્યું છે.

# ગાંધીધામમાં ધોળા દિવસે આંગડિયા પેઢીમાં એક કરોડની લૂંટ

**(એજન્સી)ભૂજ,**
કચ્છના ગાંધીધામમાં ધોળા દિવસે હથિયાર સાથે આવેલા ચાર લૂંટારૂઓએ એક કરોડની લૂંટને અંજામ આપ્યો છે. હેલ્મેટ પહેરી આવેલા હથિયારધાર લૂંટારૂઓએ આંગડિયા પેઢીમાં એક કરોડની મતા લૂંટી ફરાર થઈ ગયા હતા. ઘટનાની જાણ થતા જ પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો. હાલ પોલીસે ઘટનાસ્થળના સીસીટીવી મેળવી લૂંટારૂઓને પકડવા માટે તપાસનો ધમધમાટ તેજ કર્યો છે. લૂટારીઓને ઝડપી લેવા માટે પોલીસે અલગ અલગ વિસ્તારમાં નાકાબંધી કરી છે. અલગ અલગ ટીમ બનાવી ફરાર લૂંટારૂને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.લૂંટારૂઓ બંદુકની અણીએ કરોડોની લૂંટ કરી આરામથી ફરાર થઈ રહ્યા હોય તેવા દશ્યો સીસીટીવીમાં સામે આવ્યા છે. મોટી લૂંટની આ ઘટના માટે હાલ પોલીસ માટે આ સીસીટીવી ફુટેજ જ મુખ્ય કડીરૂપ બન્યા છે. ત્યારે પોલીસે સીસીટીવીને આધારે તપાસ તેજ કરી છે. ગાંધીધામમાં આંગડિયા લૂંટની ઘટનાને પગલે સ્થળ ઉપર દોડી ગયેલી પોલીસે લૂંટારુઓને ઝડપી લેવા માટે સમગ્ર વિસ્તારમાં નાકાબંધી કરી હતી. તેમજ તમામ વાહનોનું ચેકિંગ કરાયું હતું.

# ગુજરાત ન્યુઝ અપડેટ્સ

## જમીનનાં ઝઘડામાં ખેડૂતે ફાયરીંગ કરતા પ્રૌઢનું મોત

**(એજન્સી)પોરબંદર,**
પોરબંદરનો વિખ્યાત બરડો ડુંગર ફરી એકવાર ગોળીઓની ગુંજ થી ગર્જી ઉઠ્યો છે. બરડા પંથકના બખરલા ગામે બે ખેડૂતો વચ્ચે ચાલી રહેલા જમીનના ઝઘડામાં એક ખેડૂતે કરેલા ફાયરીંગમાં પ્રૌઢનું મોત નિપજ્યું હતું. જ્યારે તેના ભત્રીજાને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે પોરબંદરની ભાવસિંહજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ફાયરીંગની ઘટનાના પગલે નાના એવા બખરલા ગામમાં અફડાતફડીનો માહોલ સર્જાઈ ગયો હતો.જો કે પોલીસે ગણતરીની કલાકો માં આરોપીને ઝડપી પાડ્યો હતો. પોરબંદરના બખરલા ગામે રહેતા ખીમાભાઈ ગીગાભાઈ ખુંટી અને તેમના ભત્રીજા કિશોરભાઈ માલદ ભાઈ ખુંટીની જમીન ગામના જ અરજણ નરબત ખુંટી નામના શખ્સની બાજુ માં આવેલી છે.આ જમીન નજીક નહેર ખોદવા બાબતે બન્ને ખેડૂતો વચ્ચે ઝઘડો ચાલી રહ્યો હતો. જે ઝઘડાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા અરજણ નરબત ખુંટીએ ખીમા ગીગા અને તેના ભત્રીજા કિશોર માલદે પર ફાયરીંગ કર્યુ હતું. જેમાં એક ગોળી ખીમાભાઈને પેટના ભાગે આરપાર નીકળી જતા તેમનું મૃત્યુ નિપજ્યું હતું.

## સુરતમાં દુકાનદાર પર ચપ્પા વડે જીવલેણ હુમલો

**(એજન્સી)સુરત,**
બૉલીવુડની પૂનમ પાંડે થી આપ સૌ કોઈ પરિચિત હશો. જે લોકોને પકડાર ફકતી કરતી રહે છે. અને હરહંમેશ કોઈને કોઈ કારણસર વિવાદ માં રહેતી હોય છે. પરંતુ આજે અમને તમને એવી પૂનમ પાંડે સાથે બતાવા જઈ રહ્યા છે. જે પૂનમ પાંડે ને સેટલમેન્ટ કિંગ તેમજ માથાભારે મહિલા તરીકે ઓળખવામાં આવે છે. આ પૂનમ પાંડે પલસાણા, કડોદરા સહિતના વિસ્તારમાં પોતે ખુબ જ પહોંચેલી હોવાની છાપ ઉભી કરી રોફ જમાવતી જોવા મળે છે. ત્યારે વધુ એક વાર રોફ જમાવવા જતા પૂનમ પાંડે સહિત તેનો પરિવાર પોલીસ પકડમાં આવ્યો છે. જોળવા ખાતે સુરેન્દ્રસિંગ રાજેશસિંગનાઓએ થોડા સમય અગાઉ બિલ્ડીંગ નીચે ગેસ રીપેરીંગની દુકાન શરૂ કરી હતી. જ્યાં પહેલેથી આશુતોષ સિંગ ઉર્ફે બીટ્ટુ સિંગ આનંદસિંગની ગેસ રીપેરીંગની દુકાન હોવાથી બીટ્ટુ અને સુરેન્દ્રસિંગ વચ્ચે રકઝક થઈ હતી. જેથી બીટ્ટુએ બીજી દુકાન સુરેન્દ્રસિંગની દુકાનની બાજુમાં જ ખોલી દેતા બન્ને વચ્ચે ફરી રકઝક થઈ હતી. ત્યાં પૂનમ પાંડે તેના પુત્ર અને જમાઈ ગેસ રીપેરીંગ ચલાવતા દુકાનદારને ત્યાં સેટલમેન્ટમાં ગયા હતા. જ્યાં ઉશ્કેરાયેલા બબાલ મચી હતી અને આ બબાલ હુમલો થતા લોહીયાર બની હતી.

## ભાવનગરમાં મકાનના દાદરનો ભાગ ધરાશાયી

**(એજન્સી)ભાવનગર,**
ભાવનગર શહેરનાં ભરતનગર વિસ્તારમાં આવેલ કૈલાસ સોસાયટીમાં મકાનનો દાદારનો ભાગ ધરાશાયી દુર્ઘટનાં ઘટી છે. મળતી વિગતો પ્રમાણે ધરાશાયી મકાનમાંથી ૬ લોકોનું રેસ્ક્યુ કરવામાં આવ્યું છે. જો કે, આ ઘટનામાં કોઈ જાનહાનિ થવા પામી નથી. સુત્રો દ્વારા મળતી જાણકારી પ્રમાણે હાઉસિંગ બોર્ડનાં ત્રણ માળિયા અને મકાનનો દાદર ધરાશાયી થતા લોકો મકાનમાં ફસાયા હતા.

# મ્યુનિ. કોર્પોરેશને દસ વર્ષમાં કૂતરાના રસીકરણ માટે રૂા. ૨૨ કરોડ ખર્ચ કર્યા

## રેનડમ સર્વે મુજબ કૂતરાઓની વસતીમાં ઘટાડો

**(દેવેન્દ્ર શાહ)**
**અમદાવાદ,**
શહેરમાં શેરી કૂતરાઓની સમસ્યાના ઉકેલ માટે તેમજ સુપ્રીમ કોર્ટ અને કેન્દ્ર સરકારની ગાઈડલાઈન અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ૨૦૦૧ની સાલથી "એનિમલ બર્થ કંટ્રોલ" કાર્યક્રમ શરૂ કર્યો હતો. યોગ્ય આયોજન અને સુપરવિઝનના અભાવે કરોડો રૂપિયાના કર્ચ થયા બાદ પણ રખડતા કૂતરાઓની સમસ્યા યથાવત્ છે તથા સમયાંતરે આ મુદ્દો વિવાદ બનીને બહાર આવી રહ્યો છે. મ્યુનિસિપલ કોર્પોરેશને છેલ્લા દસ વર્ષમાં ત્રણ લાખથી વધુ કૂતરાઓના રસીકરણ કર્યા હોવાનો દાવો કર્યો છે. જેના માટે રૂપિયા ૨૧ કરોડ કરતા વધુ ખર્ચ થયો હતો. રસીકરણ કાર્યક્રમના કારણે કુતરાઓની સંખ્યામાં પણ નોંધપાત્ર ઘટાડો થયો છે.

| વર્ષ | ખસીકરણ /રસીકરણ | ખર્ચ |
|---|---|---|
| ૨૦૧૩-૧૪ | ૨૬૩૫૮ | ૧૧૭૨૯૩૧૦ |
| ૨૦૧૪-૧૫ | ૩૦૫૭૩ | ૧૩૬૦૪૯૮૫ |
| ૨૦૧૫-૧૬ | ૩૯૩૩૩ | ૨૫૦૧૨૭૮૮ |
| ૨૦૧૬-૧૭ | ૩૩૧૬૫ | ૨૧૦૯૨૯૪૦ |
| ૨૦૧૭-૧૮ | ૩૧૩૮૧ | ૧૯૯૫૮૩૧૬ |
| ૨૦૧૮-૧૯ | ૧૮૨૧૯ | ૧૩૫૫૪૮૭૬ |
| ૨૦૧૯-૨૦ | ૩૬૩૬૩ | ૩૨૪૩૭૧૦૦ |
| ૨૦૨૦-૨૧ | ૨૧૫૦૨ | ૧૯૧૦૨૬૦૦ |
| ૨૦૨૧-૨૨ | ૩૦૩૬૦ | ૨૭૭૩૨૭૩૦ |
| ૨૦૨૨-૨૩ | ૩૫૫૬૧ | ૩૩૬૬૯૮૫૯ |
| કુલ | ૩૦૨૮૧૫ | ૨૧૭૮૯૫૫૦૪ |

અમદાવાદ શહેરમાં ૨૦૦૧ની સાલમાં કૂતરા રસીકરણ કાર્યક્રમની શરૂઆત થઈ હતી. મનપા દ્વારા એનિમલ હેલ્થ ફાઉન્ડેશન નામની સંસ્થાને ૨૦૦૫માં એક વર્ષ માટે ખસીકરણનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો. સદસ સંસ્થાએ તે સમયે એક વર્ષમાં ૪૪ હજાર કૂતરાના રસીકરણ કર્યા હોવાનો દાવો કર્યો હતો. સદર સંસ્થાનો કોન્ટ્રાક્ટ પૂર્ણ થયા બાદ અગમ્ય કારણોસર મનપા દ્વારા નવા કોન્ટ્રાક્ટમાં વિલંબ થયો હતો તેમજ ૨૦૦૬થી ૨૦૦૮ દરમ્યાન ટેન્ડર જાહેર થયા બાદ તેને અભરાઈને મૂકવામાં આવ્યા હતા. અ.મ્યુ. કોર્પોરેશન દ્વારા અવૈજ્ઞાનિક ઢબે કૂતરા પકડવામાં આવી રહ્યા હોવાના આક્ષેપ વિદેશી મહિલા દ્વારા કરવામાં આવ્યા બાદ શહેરની આંતરરાષ્ટ્રીય સ્તરે બદનામી થઈ હતી. તેથી તાકીદે દિલ્હી સ્થિત સરકારી કંપની સાથે કરાર કરવામાં આવ્યા હતા તથા નવી સંસ્થાઓને ખસીકરણ કામગીરી સોંપવા જાહેરાત થઈ હતી. સાથે-સાથે કૂતરાઓની વસ્તી ગણતરી પણ કરવામાં આવી હતી. તે સમયે શહેરમાં બે લાખ કૂતરા હોવાની સત્તાવાર જાહેરાત થઈ હતી. છેલ્લા દસ વર્ષમાં તંત્ર દ્વારા ત્રણ લાખ કરતા વધુ કુતરાના રસીકરણ કરવામાં આવ્યા છે. દિલ્હી સ્થિત સંસ્થાને નિયુક્તિ કરવામાં આવી તે સમયે જે દાવા થયા હતા તેની સામે કામગીરી લગભગ શૂન્ય રહી છે. તેથી તંત્રએ ૨૦૧૫માં પ્રાયોગિક ઝોનદીઠ કોન્ટ્રાક્ટ આપવાની શરૂઆત કરી હતી. ૨૦૧૫થી ૨૦૧૭ના સમયગાળા દરમ્યાન વાર્ષિક સરેરાશ ૩૦ હજાર કૂતરાના ખસીકરણ કરવામાં આવ્યા હતા. ૨૦૧૭માં ટેન્ડર પૂર્ણ થયા બાદ એકમાત્ર "એનિમલ રાઈડ ફંડ" નામની સંસ્થો જ કામ માટે રસ દાખવ્યો હતો. સદર સંસ્થા દૈનિક ૩૦થી ૪૦ કૂતરાના ખસીકરણ કરતી હતી. તત્કાલીન મ્યુનિ. કમિશનરે રસીકરણની સંખ્યામાં વધારો કરવા સૂચના આપી હતી તેમ છતા કામમાં સુધારો ન થતાં જુલાઈ ૨૦૧૯માં સંસ્થાને એક લાખનો દંડ કરવામાં આવ્યો હતો તથા સપ્ટેમ્બર ૨૦૧૯માં તેનો કોન્ટ્રાક્ટ રદ કરવામાં આવ્યો હતો. મ્યુનિ. કોર્પોરેશન દ્વારા "એનિમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયાન"ની ગાઈડલાઈન મુજબ કામ કરતી હોય તેમજ નોંધણી થઈ હોય તેવી સંસ્થાઓને કામ આપવામાં આવ્યા છે જેમાં છેલ્લા ૧૦ વર્ષમાં ૩૦૨૮૧૫ કૂતરાઓના રસીકરણ થયા છે. જેની પાછળ રૂા.૨૧.૭૮ કરોડનો ખર્ચો થયો છે.

અમદાવાદ શહેરમાં રસીકરણ કાર્યક્રમ શરૂ થયા બાદ કુતરાઓની સંખ્યામાં સતત ઘટાડો થઈ રહયો છે. ૨૦૧૦માં હયુમન સંસ્થા ઓફ ઈન્ટરનેશનલ દ્વારા કુતરાઓનો વસતી સર્વે કરવામાં આવ્યો હતો તે સમયે ૨૧૦૮૫૨ જેટલા કુતરા શહેરમાં હોવાનો અંદાજ મુકવામાં આવ્યો હતો જયારે ૨૦૧૯-૨૦માં કુતરાઓની અંદાજિત વસતી ૧૪૯૩૪૧ હોવાનો સર્વે જાહેર કરવામાં આવ્યો હતો. મ્યુનિ. કોર્પો.એ. ૨૦૦૧થી ૨૦૧૯ દરમિયાન ૨૯૬૭૩૦ કુતરા પકડી ખસીકરણ કર્યા હતા જે પૈકી ૧૦૨૩૦૦ કુતરા જીવિત હોવાનો અંદાજ હતો. મ્યુનિ. કોર્પો. દ્વારા કુતરાઓની વસતી અંગેનો છેલ્લો રેનડમ સર્વે ૨૦૧૯માં કરવામાં આવ્યો હતો.

# રાજ્યભરમાં આરટીઈ હેઠળના એડમિશન રી ચેક કરવાનાં આદેશ

**(એજન્સી)અમદાવાદ,**
રાજકોટ શહેર અને જિલ્લામાં ગેરરીતિ કરીને વાલીઓએ આરટીઈ હેઠળ તેમના બાળકોના એડમીશન લેવાનો પ્રયાસ કર્યો છે. મીડિયામાં અહેવાલ આવ્યા બાદ રાજ્યસરકારના શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યભરમાં આરટીઈ હેઠળના એડમિશન રી ચેક કરવાનાં આદેશ આપવામાં આવ્યા છે. જેમાં મોટી સંખ્યામાં વાલીઓએ પોતાના બાળકોના આરટીઈ હેઠળ એડમીશન લઈ લીધા હોવાનું સામે આવ્યું છે અને આ વિદ્યાર્થીઓમાં એડમિશન રદ કરવાની કાર્યવાહી શિક્ષણ વિભાગ દ્વારા શરૂ કરવામાં આવી છે.

રાજકોટમાં ૬ હજાર જેટલા આરટીઈ અંતર્ગત બાળકોને પ્રવેશ આપવામાં આવ્યા છે.જેમાંથી ૪૦૦ જેટલા બાળકોના વાલીઓએ ખોટી રીતે એડમિશન લઈ લીધા હોવાનું સામે આવ્યું છે.જેમાં કેટલાક બાળકોએ તો ગતવર્ષે ફી ભરીને પહેલું ધોરણ ભણી લીધા બાદ ફરીથી આ વર્ષે પહેલા ધોરણમાં આરટીઈઅંતર્ગત પ્રવેશ મેળવી લીધો હતો.જેમાં નામ સાથે ક્યાંકને ક્યાંક ચેડાં કરીને ઓનલાઈન સિસ્ટમને છેતરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.જિલ્લા શિક્ષણ અધિકારી બી એસ કૈલાએ મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે આ પ્રકારના વિદ્યાર્થીઓને ટ્રેકિંગ સિસ્ટમથી શોધીને શાળાઓને પ્રવેશ રદ કરવા આદેશ પણ આપવામાં આવ્યા છે અને એડમિશન રદ કર્યા બાદ જે જગ્યાઓ ખાલી થશે, તેમાં જરૂરિયાત વાળા અન્ય વિદ્યાર્થીઓને એડમિશન આપવામાં આવશે.

વાલીઓ ઓનલાઈન પ્રક્રિયામાં બાળકના નામ સાથે કોઈને કોઈ રીતે નાનામોટા ફેરફાર કરી નાખે છે. જેથી ચાઈલ્ડ ટ્રેકિંગ સિસ્ટમમાં તે સામે ન આવે. શિક્ષણ વિભાગે આધારકાર્ડ સાથે કનેક્ટ સિસ્ટમ બનાવવી જોઈએ. જેથી તેના નંબર પરથી જો કોઈ વાલી નામ સાથે ચેડાં કરીને પણ એડમિશન લેવાનો પ્રયાસ કરે તો પણ તે સિસ્ટમમાં પકડાઈ જાય અને ગેરરીતિ ન આચરી શકે. આરટીઈ અંતર્ગત ભણતર ગરીબ પરિવારના બાળકો સારી ખાનગી શાળાઓમાં ભણતર મેળવી શકે તે માટે રાજ્યસરકાર દ્વારા કરવામાં આવી છે. પરંતુ આ પ્રકારે જેમને જરૂરિયાત નથી તેવા વાલીઓ પણ ગેરરીતિ આચરીને પોતાના બાળકોને પ્રવેશ લેવડાવી લેતા ખરેખર જેમને જરૂરિયાત છે તેવા બાળકો અને વાલીઓ આ લાભથી વંચિત રહી જાય છે.જેથી શિક્ષણ વિભાગ દ્વારા ટ્રેકિંગ સિસ્ટમમાંફેરફાર કરવુંજરૂરી બન્યુંછે.

# મહિલા પાસેથી વિધિના બહાને લાખો રૂપિયા પડાવનાર તાંત્રિક ઝડપાયો

**(એજન્સી)રાજકોટ,**
અલગ અલગ માધ્યમોમાં આવતી કહેવાતા તાંત્રીકોની જાહેરખબરો વાંચી લોકો ફોન જોડી પોતાની પીડા, તકલફો દૂર થાય તે માટે મથતાં રહેતાં હોય છે. પરંતુ ઘણીવાર લેભાગુઓ ભેટી જાય તો છેતરાઈ જવાનો વારો આવતો હોય છે.

રાજકોટ શહેરના એક મહિલાએ ચેનલમાં તાંત્રીક વિધીની જાહેરાત વાંચી પોતાને માનસીક અશાંતિ રહેતી હોઈ તે દૂર કરવા માટે ફોન જોડતાં ફોન રિસીવ કરનારે પોતે રાજસ્થાનથી તાંત્રિક ઈશ્વર જોષી બોલે છે અને પોતે તાંત્રિકવિધી કરી તમામ તકલીફો દૂર કરી દેશે તેમ કહી મહિલા પાસે કટકે કટકે વિધીના નામે રૂા. ૨,૭૩,૭૯૯ મંગાવી લઈ છેતરપીંડી કરી પોતાનો ફોન બંધ કરી દીધો હતો. ભક્તિનગર પોલીસ પાસે ભરપુર મહેનત કરી આરોપીને શોધી કાઢયો છે. ઈશ્વર નામના આ શખ્સે લોકોને છેતરવાના ધંધા આદર્યા હતાં. એક દિવસના રિમાન્ડ મળતાં વિશેષ પુછતાછ કરવામાં આવી હતી. રાજકોટના ભાવનાબેન કનુભાઈ વાઘેલાને માનસિક અશાંતી રહેતી હોઈ તેણે ટીવી પર ગુજરાતી ચેનલ નિહાળતી વખતે એક ચમત્કારીક તાંત્રિકની જાહેરાત-ફોન નંબર જોયા હતાં. બાદમાં તેને ફોન જોડી પોતાની તકલીફ જણાવતાં એ બાબાએ પોતે બધુ સારુ કરી દેશે તેમ કહી તાંત્રિકવિધી કરવાના નામે ભાવનાબેન પાસેથી કટકે કટકે મળી કુલ રૂા. ૨,૭૩,૭૯૯ મેળવી લીધા હતાં. પરંતુ કહેવાતી વિધી થયા પછી પણ ભાવનાબેનને શાંતિ મળી નહોતી. આ પછી કહેવાતા તાંત્રિકે ફોન બંધ કરી દેતાં પોતે છેતરાયાની ખબર પડતાં ભક્તિનગર પોલીસને જાણ કરતાં પોલીસે ૧૭/૪/૨૩ના રોજ ગુનો નોંધ્યો હતો.

# રાજ્ય સરકારની નવી પોલિસી : પ્રિ-પ્રાયમરી સ્કૂલનું રજિસ્ટ્રેશન ફરજિયાત

**(એજન્સી)અમદાવાદ,**
રાજ્યમાં હજારોની સંખ્યામાં ખાનગી ધોરણે મંજૂરી વિના પ્રિ-પ્રાયમરી સ્કૂલો નર્સરી, સિનયર, જુનિયર કેજી, બાલ વાટીકા ધમધમી રહી છે. ત્યારે પ્રિ-પ્રાયમરી સ્કૂલને લઈને રાજ્ય સરકારે નવી પોલિસી બનાવી છે. જે મુજબ રાજ્યમાં હવે પ્રિ-પ્રાયમરી સ્કૂલનું રજિસ્ટ્રેશન કરાવવું પડશે. આ માટે સરકારમાં ૫ હજાર રૂપિયા રજિસ્ટ્રેશન ફી પણ ચૂકવવી પડશે.

રાજ્ય સરકારની નવી પોલિસીમાં જણાવવામાં આવ્યું છે કે, ગ્રામ વિસ્તારમાં આવેલી પ્રિ-પ્રાયમરી સ્કૂલોનું સંચાલન જિલ્લા શિક્ષણ અધિકારી અને મનપા-નગરપાલિકા વિસ્તારમાં આવેલી નર્સરી, સિનયર, જુનિયર કેજીનું સંચાલન જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી કરશે.

વર્તમાન સમયમાં જે ખાનગી સંસ્થાઓ આ પ્રકારની સ્કૂલો ચલાવે છે, જે નોન ગ્રાન્ટેડ છે તેવી સંસ્થાઓએ એક વર્ષમાં નવું રજિસ્ટ્રેશન કરવાનું રહેશે. આ ઉપરાંત કોઈ નવી સંસ્થા પણ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી અને જિલ્લા શિક્ષણ અધિકારી પાસે નોંધણી કરાવ્યા વિના શરૂ થઈ શકશે નહીં. રજિસ્ટ્રેશન કરાવ્યા બાદ ૩ વર્ષથી ૬ વર્ષના બાળકોને પ્રવેશ આપી શકાશે. આ ઉપરાંત ઓથોરિટીની મંજૂરી વગર કોઈ સંસ્થા બંધ કરી શકાશે નહીં. જો કોઈ પ્રિ-પ્રાયમરી વર્ગો બંધ કરવા માંગે છે તો તેમણે ૬ મહિના અગાઉ આ અંગની જાણ કરવાની રહેશે. નિયમોના ભંગ બદલ હજારથી ૨૫ હજાર સુધીના દંડની જોગવાઈ પણ આ નવી પોલિસીમાં કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, એક અંદાજા મુજબ ગુજરાતભરમાં અત્યારે ૫૩૦૦૦ની આસપાસ નર્સરી, સિનયર, જુનિયર કેજી ચાલે છે. જેમાં અંદાજે ૨૦ લાખ જેટલા બાળકો અભ્યાસ કરી રહ્યા છે.



ગુજરાતકોંગ્રેસપાર્ટીઓફિસપરધોરણ-૧૦અને૧૨પછીનીકારકિર્દીનીજાણકારીનીબુકનુંલોકાર્પણકરવામાં આવ્યું હતું.(તસવીર :જયેશ મોદી)

વિઝીટનો કોઇ ચાર્જ નથી
વોટર પ્રુફીંગ સ્પેશિયાલિસ્ટ બ્રાઇટ મેજીક ઇટાલીયન માર્બલ પેસ્ટ
આપ ઘર-ઓફીસમાં કલર કરવા ઇચ્છો છો
● ધાબાનો અને ટાંકીનો લીકેજ કામખાતરી પૂર્વ કરી આપી છીએ.
● માર્બલ પેસ્ટ દિવાલ અને સીલીંગને મજબુત કરવાનું કેમીકલ છે.
● દિવાલ અને સીલીંગને લગાવ્યા બાદ માર્બલ જેવું દેખાય છે.
● માર્બલ પેસ્ટ કરવ્યા પછી ભેજ આવતો નથી.
● દર વર્ષે કરાવવું પડતું નથી. ૫-૧૦ વર્ષ આસાનીથી ચાલે છે
૫ વર્ષની વોરંટી
એક જ ફોન કરો માણસ તમારા ત્યાં આવી જશે.
માર્બલ પેસ્ટ દરેક માર્બલ ડિઝાઇનમાં બનાવી આપીએ છીએ.
અમદાવાદ : ૯૩૭૭૯૯૮૭૧૭, ૯૭૨૪૫૦૨૧૫૬, ૯૮૭૯૫૦૬૦૬૮
website : www.brightmegaicitalian.com
પેમેન્ટ ચેકથી કરવું.
ડુપ્લીકેટ માર્બલ પેસ્ટથી સાવધાન